# કૃષિ સંશોધન કેન્દ્ર (પિયત પાકો), આ.કૃ.યુ., ઠાસરા દ્વારા “એક દિવસીય ખેડૂત શિબિર”નું આયોજન

કૃષિ સંશોધન કેન્દ્ર (પિયત પાકો) , આણંદ કૃષિ યુનિવર્સીટી , ઠાસરા દ્વારા નર્મદા કમાન્ડ વિસ્તારના ખેડુતોને આધુનિક ખેતી વિષયક માહિતી મળી રહે તે હેતુસર "કપાસ –દિવેલા રીલે પાક પધ્ધતિ" વિષય પર ગઢવીના મુવાડા, તા. ઠાસરા ખાતે ખેડૂતના ખેતરે તા. ૦૫-૦૧-૨૦૧૯ ના રોજ એક દિવસીય ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં કેન્દ્રના વડા અને સહ સંશોધન વૈજ્ઞાનિક ડૉ. આર.પી. કાચા દ્વારા શિયાળુ પાક અંગે ખેતી વિષયક માહિતી વિષય પર ખાસ વ્યાખ્યાન આપવામાં આવેલ તેમજ આ કેન્દ્રના મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રો.) ડૉ. એ.એસ. પટેલ દ્વારા કપાસ –દિવેલાના પાક પધ્ધતિ તથા તેમાં આવતા રોગ –જીવાત અંગે વિસ્તૃત માર્ગદર્શન આપેલ. વિષેશમાં ડૉ. કે.સી. પટેલ સહ પ્રધ્યાપક (કૃષિ રસાયણ શાસ્ત્ર અને જમીન વિજ્ઞાનના , બં.અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ) દ્વારા રાસાયણિક તેમજ જૈવિક ખાતરોના કાર્યક્ષમ ઉપયોગ વિશેની માહિતી આપવામાં આવેલ તેમજ અત્રેના કેન્દ્રના મદદનીશ વૈજ્ઞાનિક (સોઇલ.) શ્રી. આર.એમ.પટેલ દ્વારા જમીન પૃથ્થકરણ અને જમીનના નમૂના લેવા અંગે માર્ગદર્શન જેવા વિષયો પર ખેડુતો ને સારી માહિતી પૂરી પાડવામાં આવી. આ કાર્યક્રમ દરમ્યાન ૫૨ ખેડૂત ભાઇઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ. કાર્યક્રમના અંતે ખેડૂતો દ્વારા પુછવામાં આવેલ પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરી સંતોષ કારક જવાબ આપવામાં આવેલ.






